# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

Ref no. PN 2025-26/218 Dt. 22/11/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ, નવી દિલ્હીના ડિરેક્ટર સાથે ઓનલાઇન મિટીંગ યોજાઇ, MSMEs સહિતના ઉદ્યોગો માટે વિવિધ રજૂઆતો કરાઇ

**સુરતઃ** નેશનલ સેન્ટર ફોર ગુડ ગવર્નન્સ (NCGG), નવી દિલ્હીના ડિરેક્ટર ડો. સુરેન્દ્રકુમાર બગડે (IAS) સાથે ગુરૂવાર, તા. ૨૦ નવેમ્બર, ૨૦૨૫ના રોજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (GCCI), ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી (SGCCI) તેમજ ગુજરાતની અનેક અગ્રણી એસોસિએશનોની ઉપસ્થિતિમાં એક મહત્વપૂર્ણ ઓનલાઇન બેઠક યોજાઈ હતી.

ચેમ્બર ઓફ કોમર્સ તરફથી ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી, ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી અને ડેપ્યુટી સેક્રેટરી શ્રી પોલીક દેસાઈએ ભાગ લઇ ગુજરાતમાં ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસને પ્રભાવિત કરતા મુખ્ય મુદ્દાઓ પર વિગતવાર રજૂઆતો કરી હતી.

ઓનલાઇન બેઠકમાં નીચેના મહત્વપૂર્ણ મુદ્દાઓ સંદર્ભે સરકારનું ધ્યાન દોરવામાં આવ્યું હતું.

**૧. પ્રોફેશનલ ટેક્ષ દૂર કરવાની માંગઃ–** પ્રોફેશનલ ટેક્ષની રકમ અત્યંત નગણી હોય છતાં તેનો દર મહિને કોમ્પ્લાયન્સ કરવો પડે છે, જેના કારણે MSMEs સહિતના ઉદ્યોગોને અનાવશ્યક પ્રશાસનિક બોજ વેઠવો પડે છે, આથી ચેમ્બરે પ્રોફેશનલ ટેક્ષને સંપૂર્ણપણે દૂર કરવાની ભલામણ કરી હતી, જેથી ઉદ્યોગોનો સમયનો બગાડ

અને વ્યવહારિક બોજ હળવો થાય.

**૨. ગુજરાત ગ્રીન એનર્જી – ઓપન એકસેસ રેગ્યુલેશન્સ હેઠળ ૩૦ ટકા બેન્કીંગ અંગે સ્પષ્ટતાઃ–** વર્ષોથી વિવાદિત ચાલતા મુદ્દા હેઠળ, કુલ કન્ઝમ્પ્શનમાંથી ઓછામાં ઓછું ૩૦ ટકા બેન્કીગના કલોઝનું વિવિધ રીતે અર્થઘટન કરવામાં આવે છે, જેના કારણે MSME સેકટરમાં રિન્યુએબલ એનર્જીમાં કરેલું રોકાણ અડચણમાં આવે છે.

ચેમ્બરે વિનંતી કરી હતી કે, આ કલોઝ અંગે સ્પષ્ટ વ્યાખ્યા જાહેર કરવામાં આવે, જેથી MSME ઉદ્યોગો નિર્ભયતાથી રોકાણ કરી શકે અને રિન્યુએબલ એનર્જી ક્ષેત્રમાં વૃદ્ધિ થઇ શકે.

**૩. ગુજરાત રિન્યુએબલ એનર્જી પોલિસી હેઠળ સમય મર્યાદા વધારવાની જરૂરિયાતઃ–** ૧ મેગા વોટથી ૧૦૦ મેગા વોટ સુધીની રિન્યુએબલ એનર્જી પ્રોજેકટ્સ માટે ટેકનિકલ ફિઝીબિલિટી રિપોર્ટ પ્રાપ્ત થયા બાદ જરૂરી એપ્રુવલ્સ માટે વધારાની સમય મર્યાદા મળવી જરૂરી હોય છે. અગાઉ આ સમય મર્યાદા ઓછી – વત્તા કરવાની સત્તા GUVNL પાસે હતી, પરંતુ હવે GERC પાસે હોવાથી ઘણા મહિનાઓ લાગી જાય છે, જેને કારણે પ્રોજેકટ્સ અટકી જાય છે અને તેને કારણે ઉદ્યોગોને નાણાંકીય નુકસાન થઈ શકે છે.

આથી, ચેમ્બરે વિનંતી કરી હતી કે, પોલિસીમાં સુધારો કરી સમય મર્યાદા વધારવાની સત્તા ફરીથી એનર્જી એન્ડ પેટ્રોકેમિકલ્સ ડિપાર્ટમેન્ટ અથવા GUVNL ને આપવામાં આવે, જેથી MSME તથા અન્ય ઉદ્યોગોના પ્રોજેકટ અમલીકરણ સરળતાથી થઈ શકે.

ડો. સુરેન્દ્રકુમાર બગડેએ તમામ મુદ્દાઓને ગંભીરતાથી સાંભળી સંબંધિત વિભાગો સાથે ચર્ચા કરી યોગ્ય પગલાં લેવા અંગે આશ્વાસન આપ્યું હતું. ચેમ્બર તથા અન્ય એસોસિએશનોએ આશા વ્યકત કરી હતી કે રજૂ કરાયેલા મુદ્દાઓ પર યોગ્ય પગલાં લેવાશે, જેથી ગુજરાતમાં ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ વધારે મજબૂત બને અને MSME સેકટરને ગતિ મળી શકે.